1. સમાજવિરોધી વર્તન કોને કહેવાય?

- દરેક સમાજને પોતપોતાનાં આગવાં ધોરણો હોય છે.આ ધોરણોમાં લોકરીતિઓ, રિવાજો, મૂલ્યો, ટ્રાફિકના નિયમો અને રાજ્ય ઘડેલા કાયદાઓ વગેરેનો સમાવેશ થાય
- દરેક સમાજના સભ્યો પોતાના સમાજમાં પ્રવર્તતાં સામાજિક ધોરણોનો સ્વીકાર કરી, ધોરણોની મર્યાદામાં રહી, તે મુજબ પોતાનો વર્તનવ્યવહાર ગોઠવે તો તેને ધોરણ અનુરૂપ વર્તન કહેવાય.
- સમાજના તમામ સભ્યો દ્વારા હંમેશાં ધોરણ અનુરૂપ વર્તન થતું હોય તેવું જોવા મળતું નથી.
- સમાજના કેટલાક સભ્યો દ્વારા ક્યારેક જાણતાં કે અજાણતાં ધોરણોથી વિરુદ્ધનું વર્તન થઈ જતું હોય છે.આવા સામાજિક ધોરણથી વિરુદ્ધના વર્તનને સામાજિક ધોરણભંગ વર્તન કે સામાજિક વિચલન કે સમાજવિરોધી વર્તન કહે છે.